પ્રેસ પ્રકાશન
ભારતીય રિઝર્વ બેંક
સંચાર વિભાગ, કેન્દ્રિય કાર્યાલય, એસ.બી.એસ માર્ગ, મુંબઈ-400001
વેબસાઇટ : www.rbi.org.in
ફોન : 91 22 2266 0502 / ફેક્સ : 91 22 2266 0358
ઈ-મેઇલ : helpdoc@rbi.org.in

29 માર્ચ 2016

## ઇન્સેટ લેટર 'L' તથા રુપિયા ચિહ્ન "₹" સાથે એક રુપિયાની ચલણી નોટ બહાર પાડવી

ભારતીય રિઝર્વ બેંક શીઘ્ર એક રુપિયાના મૂલ્યવર્ગની ચલણી નોટ પ્રસરણમાં મૂકશે. આ નોટ ભારત સરકાર દ્વારા મુદ્રિત કરવામાં આવેલ છે.

આ ચલણી નોટ સિક્કા નિર્માણ અધિનિયમ, 2011 માં કરવામાં આવેલી જોગવાઈઓ અનુસાર વૈધ મુદ્રા છે. આ મૂલ્યવર્ગની પ્રવર્તમાન ચલણી નોટો પણ વૈધ મુદ્રા તરીકે ચાલુ રહેશે.

ભારતનું રાજપત્ર – અસાધારણ – ભાગ II- ખંડ 3- ઉપ ખંડ(i) સં. 124 તારીખ 24 ફેબ્રુઆરી 2016 માં પ્રકાશિત, નાણા મંત્રાલય, આર્થિક બાબત વિભાગ દ્વારા બહાર પાડવામાં આવેલ અધિસૂચના જી.એસ.આર.192 (ઈ) માં દર્શાવવમાં આવેલ એક રુપિયાની ચલણી નોટના પરિમાણ અને સંરચના નિચે મુજબના હશે:

| નોટનું અંકિત મૂલ્ય | આકૃતિ અને આકાર | કાગળ સંરચના |
|---|---|---|
| એક રુપિયાની ચલણી નોટ | લંબચોરસ 9.7 x 6.3 સે.મી. | 100 ટકા (કોટન) રેગ કંટેંટ |
| | | કાગળનું વજન: 90 જીએસએમ (ગ્રામ પ્રતિ વર્ગ મીટર) |
| | | કાગળની જાડાઈ: 110 માઇક્રોન્સ |
| | | મલ્ટી ટોનલ વોટરમાર્ક્સ :<br>(i) 'સત્યમેવ જયતે' શબ્દો વગર પટલમાં |

| | | |
|---|---|---|
| | | અશોક સ્તંભ<br>(ii) મધ્ય ભાગમાં અપ્રગટ સંખ્યા “1”<br>(iii) જમણી બાજુ ઉર્ધ્વત: અપ્રગટ શબ્દ ‘ભારત’ ક્રમાંકિત કરવામાં આવશે. |

એક રુપિયાની ચલણી નોટોની ડિઝાઇન નીચે મુજબ હશે:

**અગ્રભાગ:** આ ભાગમાં શ્રી રતન પી. વાતલ, નાણા સચિવના દ્વિભાષીય હસ્તાક્ષરની સાથે “Government of India” શબ્દોની ઉપર “भारत सरकार” શબ્દ અને 'सत्यमेव जयते' સહિત 2016 ના “₹” ના પ્રતિકની સાથે નવા એક રુપિયાના સિક્કાની પ્રતિકૃતિ અને સંખ્યા પેનલમાં મોટા અક્ષરમાં ‘L’ સમાવિષ્ટ હશે. નોટના નીચલા ભાગમાં જમણી બાજુ સંખ્યાકંન શ્યામ વર્ણનું હશે.

**પૃષ્ઠભાગ: આ ભાગમાં પુષ્પ ડિઝાઇનવાળા** “₹” પ્રતિકની સાથે એક રુપિયાના સિક્કાના ચિત્રણ પર વર્ષ 2016ની સાથે “Government of India” શબ્દોની ઉપર “भारत सरकार“ શબ્દોનો સમાવેશ કરેલ હશે અને તેની ચારે બાજુની ડિઝાઇનમાં તેલ શોધ પ્લેટફૉર્મ, ‘સાગર સમ્રાટ’ નું ચિત્ર અને તેની સાથે જ ભાષા પેનલમાં પંદર ભારતીય ભાષાઓમાં પ્રાધિકૃત પ્રતિદાન મૂલ્યની સાથે નીચેની બાજુ વચમાં આંતરરાષ્ટ્રીય નંબરમાં વર્ષની સંખ્યા દર્શાવવામાં આવેલ હશે.

**સંપૂર્ણ વર્ણ યોજના:** એક રુપિયાની ચલણી નોટનો વર્ણ અગ્રભાગમાં મોટાભાગે ગુલાબી લીલો અને પાછળના ભાગમાં અન્ય વર્ણોનું સંયોજન હશે.

**અજીત પ્રસાદ**

**પ્રેસ પ્રકાશન : 2015-2016/2282** સહાયક પરામર્શદાતા